# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૪૮૦-૨ તારીખ : ૧૩ - ૦૪ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,

શ્રી રાજેશ આર. અઢિયા (પ્રમુખ પી. & ટી. શ્રમજીવી કો.ઓ.હા.સોસા. લી.)
કિડવાઈનગર, રૈયા રોડ ચોકડી પાસે, ઘંટાકર્ણ મંદિર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૯૮૯૮૧૬૧૬૨૬

વિષય : ઓડીટ રીપોર્ટ અન્વયે વિદ્યુત શુલ્ક ૧૦% માંથી ૨૦% આવવા સામે વાંધા અરજી અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૯-૦૩-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૧/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કાલાવડ રોડ રાજકોટ શહેર.

6A

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-૪/૨૨-૨૩/ 1480-2 તા. 13.05.2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૧/ક્વા-૪/૨૨-૨૩, તા.૦૯-૦૩-૨૦૨૩

અરજદાર : શ્રી રાજેશભાઈ આર. અઢિયા (પ્રમુખશ્રી પી. & ટી. શ્રમજીવી કો.ઓ.હા.સો.સા.લી), ગામ: કોઠારીયા

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એસ.ડી.ઝાલા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., પેટાવિભાગીય કચેરી, કાલાવડ રોડ રાજકોટ

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૫.૦૪.૨૦૨૩ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫.૦૪.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પી. એન્ડ ટી. શ્રમજીવી ઘર બાંધનારી સહકારી મંડળી લી. (કિડવાયનગર) માત્ર રહેણાંકના હેતુસર સહકારી ખાતા દ્વારા નોંધાયેલ સહકારી મંડળી છે. જેના નોંધણી નં. ઘ–૨૪૩૫ તા.૧૬.૧૦.૧૯૬૫ છે. હાઉસીંગ સોસાયટીમાં કોઈપણ જાતની વાણીજયક પ્રવૃતિ કરતી નથી કોઈપણ જાતની ભાડાની કે ધંધાકીય આવક નથી માત્ર સભ્યોને રહેણાંકને લગતી પ્રાથમિક સુવિધા પુરી પાડવાની કાર્યવાહી કરે છે.

૨.૧ સદર હાઉસીંગ સોસાયટીમાં ૧૭૩ જેટલા રહેણાંક મકાનો આવેલા છે તેમાં જીવન જરૂરીયાતની પ્રાથમિક જરૂરીયાત પાણી વિનામુલ્યે સભ્યોને પુરૂ પાડવામાં આવે છે આ માટે સોસાયટીના બોરમાંથી પાણી મેળવવા માટે સબમર્શીબલ પંપનો ઉપયોગ કરે છે આ માટે સને. ૨૦૧૦ પહેલા થી પી એન્ડ ટી કોલોનીના નામનું વિજજોડાણ નં. ૩૯૯૦૯/૦૬૩૭૩/૫ ધરાવે છે. જે માત્ર રહેણાંકના હેતુસર ટેરીફ નં.

એલટીપી-૧ વિધુત શુલ્ક ૧૦% (ટકાના) આકારણી ગણી બીલ તા.૧૭.૪.૨૦૧૦ થી આજસુધી નવી ટેરીફ NRGP વિધુતશુલ્ક ૧૦% (ટકાની) આકારણી થયેલ છેલ્લું બીલ તા.૧૮.૦૧.૨૦૨૩ રૂ.૮૭૦૪/–નું મળેલ છે જે તા.૨૪.૦૧.૨૦૨૩ ના ભરેલ છે.

૨.૨ ગ્રાહક નંબર ૩૯૯૦૯/૦૬૩૭૩/૫ ના વિજજોડાણ અન્વયે કાલાવડ રોડ પેટાવીભાગીય કચેરીના પત્ર નં. KRSD/Rev/710 તા.૦૮.૦૨.૨૦૨૩ મુજબ ઓડીટબીલ જુલાઈ-૨૦૧૦ થી સપ્ટે-૨૦૨૨ મુજબ આ રહેણાંક ટેરીફ નં. LTP- 1 ને વાણિજિયક ગણી ૧૦% ને બદલે ૨૦% વિધુતશુલ્ક ગણી વર્ષ-૨૦૧૦ થી અમલીગણી રૂ.૧૧૬૩૦૬=૨૦ પુરવણીબીલ આપેલ જે બીલ ગેરવ્યાજબી હોવાની સબંધક પેટાવિભાગીય કચેરીમાં તા.૨૩.૦૨.૨૦૨૩ થી વાંધા અરજી આપેલ છે. અરજદાર મુજબ ૦૩ (ત્રણ) વર્ષે પહેલાની વસુલાત કરી શકાતી ન હોવાથી ઓડીટબીલની રકમ માફ કરાવવા વિનંતી કરેલ.

૨.3 હાઉસીંગ સોસાયટીના કાર્યાલય માટે વાણીજય હેતુસર પી. એન્ડ ટી. ઓફીસના નામનું વિજજોડાણ નં. ૩૯૯૦૯/૦૬૩૭૨/૭ વિજજોડાણ વર્ષ-૨૦૧૦ પહેલાથી ધરાવે છે. ટેરીફ નં. LFD-2 વિદ્યુતશુલ્કની ૨૫% લેખે આકારણી થયેલ બીલ તા.૨૯.૦૪.૨૦૧૦ થી આજસુધી હાલના વિદ્યુતશુલ્કના ૨૦% ના દરથી આકારણી થયેલ છેલ્લું બીલ તા.૦૪.૦૩.૨૦૨૩, તા.૦૬.૦૩.૨૦૨૩ ના રોજ ભરેલ છે.

ઉપરોકત વિગતે સોસાયટીમાં રહેતા સભ્યો માટે વિનામુલ્યે પાણી પુરૂ પાડવાના હેતુસર લીધેલ વિજજોડાણના આમ આકારેલ ૨૦% મુજબની વિદ્યુત શુલ્કની રકમ માફ કરી ન્યાય અપાવવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રીની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત તા.૦૧.૦૬.૨૦૨૩ મુજબ કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહકશ્રી પી. એન્ડ ટી. કોલોની ગ્રાહક નં-૩૯૯૦૯૦૬૩૭૩૫ થી રેકર્ડ પ્રમાણે વાણીજ્ય હેતુનું વીજજોડાણ વર્ષ-૧૯૮૯ થી ધરાવે છે. ત્યારબાદ રેકોર્ડ કોમ્પ્યૂટરરાઈઝડ કરવામાં આવેલ ત્યારથી સદર વીજજોડાણ એનઆરજીપી તરીકે જોવા મળેલ છે અને જે તે સમયે વિદ્યુતશુલ્ક માટે કોમ્બીનેશન કોડ ૦૬ નંબરનો એટલેકે મેન્યુફેક્ચરિંગ ફૂડ નો લાગુ કરેલ જોવા મળેલ છે.

3.૧ ઉપરોક્ત બાબત ઓડીટ ટીમને ધ્યાને આવતા સબડીવીઝનના કર્મચારી દ્વારા સ્થળ ખરાઈ કરવામાં આવેલ, ત્યારે સદર સ્થળ પર જે તે સોસાયટીની ઓફીસ હોવાનું તે કર્મચારી દ્વારા જણાવવામાં આવેલ. જેને ધ્યાને લઇ ઓડીટ ટીમ દ્વારા વિદ્યુતશુલ્ક વસુલાત માટેનો કોમ્બીનેશન કોડ ખોટો ઉપયોગમાં લેવાયેલ હોવાનું જણાતા આ એરર માટે પ્રાપ્ય કચેરીના રેકર્ડને ધ્યાને લઇ નિયમ અનુસાર રીકવરી આકારવામાં આવેલ. જે રીકવરી યોગ્ય જણાતા સબડીવીઝન દ્વારા જે તે ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ અને તેની જાણકારી ગ્રાહકને પત્ર દ્વારા કરાયેલ.

3.૨ ઉપરોક્ત બાબતે ગ્રાહક દ્વારા સદર વીજજોડાણ સોસાયટીને પાણી પૂરું પાડવા માટે પ્રાઇવેટ વોટરવર્કસનું હોવાનું જણાવેલ તેમજ સોસાયટીની ઓફીસ માટે અન્ય એક વીજજોડાણ હોવાનું જણાવી તેનું વીજબીલ રજુ કરેલ, જેના ગ્રાહક નં-૩૯૯૦૯૦૬૩૭૨૭ છે. જે વીજજોડાણ વર્ષ-૧૯૯૨ માં રીલીઝ કરવામાં આવેલ. ગ્રાહક દ્વારા ઓફિસનું બીલ રજુ કરતા ગ્રાહક નં-૩૯૯૦૯/૦૬૩૭૩/૫ વાળા વીજજોડાણ બાબતે તપાસ કરતા સદર વીજજોડાણ ખરેખર પ્રાઇવેટ વોટર વર્કસનું હોવાનું જોવા મળેલ છે.

૩.૩ ત્યારબાદ કોમ્બિનેશન કોડનો અભ્યાસ કરતા જો સદર વીજજોડાણ ને અધર પ્રાઇવેટ વોટર વર્કસ તરીકે ગણવામાં આવે તો ૨૦% વિદ્યુતશુલ્ક વસુલવાપાત્ર થાય અને જો આમ ન કરતા રેસી. શહેરી પ્રાઇવેટ વોટર વર્કસ તરીકે ગણવામાં આવે તો તેમાં ૧૫% લેખે વિદ્યુતશુલ્ક વસુલવાનો થાય છે.

૩.૪ સદર ગ્રાહકના પ્રવર્તમાન કોમ્બીનેશન કોડમાં ૧૦% લેખે વિદ્યુતશુલ્ક વસુલ કરેલ હોય ઓડીટ ટીમ દ્વારા સદર વીજજોડાણ એનઆરજીપી હોવાનું ધ્યાને લઇ ૨૦% વિદ્યુતશુલ્ક વસુલવા પાત્ર થાય છે તેમ માની જ્યારથી સદર વીજજોડાણ કોમ્પ્યુટરરાઇઝ થયેલ ત્યારથી રહેલ એરરને ધ્યાને લઇ તફાવતની રકમ રૂ.૧૧૬૩૦૬.૨૦ પૈસા પુરા વસુલવા માટે ધ્યાને દોરેલ, જેના આધારે સદર ગ્રાહકે આ રકમ ભરવાપાત્ર થાય છે, તે મુજબ તેમના ખાતે ઉધારવામાં આવેલ છે. જે બાબતને ધ્યાનમાં લઇ સદર ગ્રાહકે આ રકમ ભરવા પાત્ર થાય છે.

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રીની ફરિયાદ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તેઓના વીજજોડાણ ગ્રાહક નં ગ્રાહક નં-૩૯૯૦૯/૦૬૩૭૩/૫ અન્વયે લેખિત પત્ર નં ૭૧૦ તા.૦૮.૦૨.૨૦૨૩ થી મળેલ છે તે મુજબ ઓડીટ આકારણી અન્વયે રૂ.૧,૧૬,૩૦૬=૨૦ ભરપાઈ કરવા જણાવેલ છે, તે અનુસંધાને અરજદાર દ્વારા તા.૨૩.૦૨.૨૦૨૩ ના રોજ પીજીવીસીએલની કાલાવડરોડ પેટાવિભાગીય કચેને લેખિત રજૂઆત આપેલ તે મુજબ સદર વીજજોડાણનો હેતુ કિડવાયનગરમા આવેલ શ્રી પી. એન્ડ ટી. શ્રમજીવી ઘર બાંધનારી મંડળી લીમીટેડ હેઠળ આવેલ સોસાયટીના સામાન્ય વપરાશ માટે પાણી વિતરણ કરવા માટે વીજજોડાણ આવેલ છે જેમાં કોઈ વાણીજ્યક હેતુ માટેની પ્રવુતિ થતી નથી, જે ધ્યાને રાખીને અપાયેલ પુરવણીબીલની રકમ માહે જુલાઈ-૨૦૧૦ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી ગણતરી કરેલ છે, તે મુજબ તફાવતની રકમ રૂ.૧,૧૬,૩૦૬/- સોસાયટીને વધુ પડતો આર્થિક બોજ થતો હોવાથી છેલ્લા ૦૨ વર્ષની આકરણી કરી તફાવતની રકમનું બીલ ઘટતું કરવા વિનંતી કરેલ, જે અન્વયે પીજીવીસીએલ પક્ષકારના પત્ર નં ૯૭૧ તા.૨૮.૦૨.૨૦૨૩ થી પ્રત્યુતર પાઠવેલ તે મુજબ સદર રકમ નિયમ અનુસાર ભરપાઈ કરવાને પાત્ર હોય, જે રકમ સત્વરે ભરપાઈ કરવા જણાવેલ અન્યથા કંપનીના નિયમ અનુસાર કાર્યવાહી કરવાની જરૂર પડશે, સદર બાબત અરજદારને અન્યાયી લાગતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ સદર પુરવણીબીલની રકમ માફ કરવા રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત તા.૦૧.૦૪.૨૦૨૩ મુજબ કાલાવડરોડ પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહકશ્રી પી. એન્ડ ટી. કોલોની ગ્રાહક નં-૩૯૯૦૯૦૬૩૭૩૫ થી વાણીજય હેતુનું વીજજોડાણ વર્ષ-૧૯૮૯ થી ધરાવે છે. ત્યારબાદ રેકોર્ડ કોમ્પ્યૂટરરાઈઝડ કરવામાં આવેલ ત્યારથી સદર વીજજોડાણ **NRGP** તરીકે જોવા મળેલ છે અને જે તે સમયે વિદ્યુતશુલ્ક માટે કોમ્બીનેશન કોડ ૦૬ નંબરનો એટલેકે મેન્યુફેક્ચરિંગ ફૂડ નો લાગુ કરેલ છે.

૪.૩ પીજીવીસીએલની ઓડીટ ટીમ દ્વારા કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરીને એપ્રિલ-૨૦૨૦ થી માહે માર્ચ-૨૦૨૧ સુધીના સમયગાળાના ઓડીટ રીપોર્ટ નં. **SNR/CO/AUDIT/5770 Dtd:26-09-2022** મુજબ વીજજોડાણ ગ્રાહક નં ૩૯૯૦૯૦૬૩૭૩૫ માં માહે જુલાઈ-૨૦૧૦ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીના વીજબીલમાં વીજકરની રકમ ૧૦% ને બદલે ૧૫% મુજબ વસુલવા પાત્ર થતી હોવાથી તફાવતની રકમ રૂ.૧,૧૬,૩૦૬/૨૦ ની ઓડીટ રીકવરી પ્રપોઝ કરેલ છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અન્વયે કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરીના પત્ર નં ૭૧૦ તા.૦૮.૦૨.૨૦૨૩ થી સદર ઓડીટની રકમ રૂ.૧,૧૬,૩૦૬=૨૦ ભરપાઈ કરવા લેખિત જાણકારી આપેલ છે, જે અનુસંધાને અરજદાર દ્વારા તા.૨૩.૦૨.૨૦૨૩ થી કરેલ લેખિત રજૂઆત મુજબ ઓડીટ રીકવરીમાં વાણીજ્ય હેતુ બતાવેલ છે, પરંતુ સદર વીજજોડાણમાં વાણીજ્ય હેતુની કોઈ પ્રવૃત્તિ કરવામાં આવતી નથી, તેમજ સદર રકમ ખુબ જ વધારે હોય છેલ્લા ૦૨ વર્ષનું આકારણી બીલ આપવા રજૂઆત કરેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલના પત્ર નં ૯૭૧ તા.૨૮.૦૨.૨૦૨૩ થી અરજદારને જાણ કરેલ તે મુજબ સદર પુરવણીબીલની રકમ નિયમ અનુસાર ભરપાઈ કરવાને પાત્ર છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અન્વયે કાલાવડ રોડ પેટાવિભાગીય કચેરીના પત્ર નં ૧૫૨૬ તા.૦૩.૦૪.૨૦૨૩ મુજબ સદર સ્થળ પર બે વીજજોડાણ આવેલ છે, બને વીજજોડાણ **NRGP** ટેરીફ જોવા મળે છે. જેમાં એક મીટર જે ગ્રાહક નં. ૩૯૯૦૯/૦૬૩૭૨/૭ થી છે જે ઓફીસ નુ હોવાનું માલુમ પાડેલ છે જયારે બીજું મીટર જે રીકવરી આકારવામાં આવેલ છે જેના ગ્રાહક નં. ૩૯૯૦૯/૦૬૩૭૩/૫ છે જે સોસાયટીના પાણીવિતરણ માટે ઉપયોગમાં લેવાતું હોવા બાબતેની ગ્રાહકની રજુઆત સાચી હોય નિયમ અનુસાર પ્રાઈવેટ વોટર વર્કસમાં લાગુ પડતો વિદ્યુત શુલ્ક લઈ ગણતરી કરતાં ગ્રાહક દ્વારા વિદ્યુતશુલ્કના તફાવતની રકમ ૧૦% ન બદલે નિયમ અનુસાર ૧૫% લેખે ગણતરી કરવામાં આવતાં રૂ.૪૬૩૧૨=૯૩ ભરપાઈ કરવા પાત્ર થતી રકમ અરજદારે ભરપાઈ કરેલ છે. આમ, જે એરર કોમ્પ્યુટરાઈઝડ ડેટા અમલીકરણ વખતે રહી જવા પામેલ તે એરર બાબતે ગ્રાહકને સમજણ આપતા તેઓ દ્વારા આ બાબત સ્વીકારી રકમ ભરી આપેલ અને વિજ જોડાણના ટેરીફ બાબતે થયેલ વિવાદનું સુખદ સમાધાન કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ અરજદારની રજૂઆત મુજબ સદર પી એન્ડ ટી કોલોનીમાં આવેલ અન્ય ઓફિસ માટે ગ્રાહક નં. ૩૯૯૦૯૦૬૩૩૨૭થી પી એન્ડ ટી ઓફિસના નામે અન્ય વિજજોડાણ એનઆરજીપી ટેરીફ પ્રમાણેનું આવેલ છે, જેમાં નિયમ અનુસાર ૨૦% લેખે વિધુત શુલ્ક વસુલવામાં આવે છે. જેથી સદર વિજજોડાણ બાબતે કશું કરવાનું રહેતું નથી.

૪.૭ આમ, ગ્રાહકના પ્રશ્ન બાબતે ગ્રાહકને કચેરીએ રૂબરૂ મળવા માટે જણાવતા સદર સોસાયટીનાં પ્રમુખશ્રી હાજર રહેલ અને તેના વિવાદ બાબતે તેઓને કંપનીના ટેરીફ બાબતે તથા વિદ્યુત શુલ્ક બાબતે યોગ્ય સમજણ આપતાં તેઓના આ વિવાદનો સુખદ અંત આવેલ છે અને તેઓએ ભરવાપાત્ર થતી રકમ ભરપાઈ કરી આપેલ હોય હવે આ બાબતે તેઓનો કોઈ પ્રશ્ન રહેતો નથી જે બદલ અરજદારે લેખિત સંમતી તા.૦૩.૦૪.૨૦૨૩ મુજબ સમાધાન થયેલ હોય ફોરમ દ્વારા સદર કેસની કોઈ કાર્યવાહી રહેતી નથી.

Joshi Nitinbhai

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.જી.કારીયા)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન